જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૧/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૨૧૬૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી ૧૨૨ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૯૬ બિયર ટીન કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૨૧૬૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદઃ-  સમાચાર યાદી નં.૨૧૬૯/૧૬

**ઓઢવઃ** આજરોજ તા.૨૪/૧૧/૧૬ સવારના ૭/૫૫ વાગ્યાના સુમારે ઓઢવ એસ.પી.રીંગ રોડ રોયલ હોટલના ખાંચામાં લોખંડના બોર્ડની એંગલ સાથે લટકાવેલી હાલતમાં ૨૫ વર્ષના આશરાની સ્ત્રીની લાશ મળી આવતા ઓઢવ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ખુનનો ગુનો નોધી આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન એલ દેસાઈ ચલાવે છે.

## અપહરણઃ-  સમાચાર યાદી નં.૨૧૭૦/૧૬

**વેજલપુરઃ** મંગળાબહેન વા/ઓ લક્ષ્મણભાઇ લાખાજી ડાભી (રહે,વેજલપુર ગામ મુખીવાસ વેજલપુર) એ તા.૨૩/૧૧/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૧૬ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની ભાણી દિવ્યા (ઉ.વ.૧૭) ને આરોપી કિંજલ ઉર્ફે સુરેશ પ્રહલાદજી ઠાકોર (રહે,ખોડીયાર ખોરજ ગામ-તાલુકો દસક્રોઈ,જીલ્લો અમદાવાદ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચાંદખેડા**: મીનાબહેન વા\ઓ અમીતકુમાર જોષી (રહે, દેવરત્ન-ર એપાર્ટમેન્ટ મોટેરા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.ર૩/૧૧/૧૬ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી નંદિની (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.પટેલ ચલાવે છે.

**રામોલ**: હબીબઅલી સમીઅલી કાજી (રહે,સાહીનપાર્ક રાજીવનગરનો ટેકરો રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.ર૩/૧૧/૧૬ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાનો પુત્ર તાહીર (ઉ.વ.૧૪) તથા સુલતાન સ\ઓ અસલમભાઇ અખતરભાઇ શેખ (ઉ.વ.૧૪) (બંન્ને રહે,રાજીવનગર ટેકરો રામોલ) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.આઈ.સોલંકી ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૭૧/૧૬</u>**

**ગુજરાત યુનિવર્સિટી**: ભરત રાજાભાઇ ઓડેદરા (રહે. જામ એપાર્ટમેન્ટ બી-ર સર્વોતમનગર સોસાયટી વિજય ચાર રસ્તા નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.ર૩/૧૧/૧૬ બપોરના ર/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાંથી રોકડ રૂપિયા ૩,૫૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.વી.દેસાઈ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૭૨/૧૬</u>**

**નિકોલ**: મંજુબહેન જીવરાજભાઇ પટેલ (રહે. કલાસિક પેલેસ શ્રીધર પેલેસ પાસે જજીસ બંગ્લોઝ રોડ બોડકદેવ સેટેલાઇટ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.ર૧/૧૧/૧૬ રાતનાં ૯/૪૫ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન ઉમા વિધાલયની બાજુમાં ભોજલધામ આશ્રમ નજીકથી અજાણી વ્યક્તિ મંજુબહેનની નજર ચુકવી લેડીઝ પર્સ ચોરી કરી લઇ ગઇ છે. જે પર્સમાં સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૭૬,૦૫૦/-, સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૪,૦૫૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચાવડા ચલાવે છે.

**નરોડા** : સેજલબેન યોગેંદ્રભાઇ રાઠોડ (રહે.સંજયનગરના છાપરા નાનાચિલોડા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.રર/૧૧/૧૬ સાંજના ૪/૩૦ થી ૫/૧૫ વાગ્યા દરમ્યાન સીટીએમ ચાર રસ્તા થી ગેલેક્ષી ચાર રસ્તા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ બીજા બે અજાણ્યા ઇસમોએ સેજલબહેનનાં થેલામાં મુકેલ પર્સની ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,ર૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લુંટની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૧૭૩/૧૬**

**શહેરકોટડાઃ** સુધાકરસિંહ લલ્લાસિંહ ચૌહાણ (ઉ.વ.૩૭)(રહે.મહાવિરનગર સુહાના હોટલની સામે શિવશક્તિ મંદિરની પાસે હીરાવાડી) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૧/૧૬ સવારના ૯/૪૫ વાગ્યાનાં સુમારે મેમ્કો ટોલનાંકા ૨૨૦ નંબરનાં બસ સ્ટેન્ડ પાસે આરોપી કલ્લુ ભદોરીયા (જેના પૂરા નામ સરનામાની ખબર નથી) એ સુધાકરસિંહને કહેલ કે “તારા ભાઇના ભાડાના નિકળતા પેસા આપી દે” તેમ કહી સુધાકરસિંહ સાથે બોલાચાલી કરી, લાકડાનો ડંડો માથાનાં ભાગે મારતાં, માથામાંથી લોહી નીકળતાં, આંખે અંધારા આવી ગયેલ. આ વખતે કલ્લુએ સુધાકરસિંહના પેન્ટનાં ખીસ્સામાંથી રૂપિયા ૩૭,૫૦૦/- કાઢી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.મકવાણા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)